| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૮/૦૮/૨૦૨૩ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## સોલા હાઈકોર્ટ પો.સ્ટે.ના પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા ૫ વર્ષ થી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરના જુદા જુદા ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા કરેલ સુચના અન્વયે તા.૧૭.૦૮.૨૩ ના રોજ પી.સી.બી. ના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા સ્ટાફના મ.સ.ઈ. જગદેવસિંહ ગુલાબસિંહ બ.ન.૧૩૪૬૭, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો.ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧, અ.પો.કો. પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭ તથા અ.પો.કો. જયમિન મહેશભાઈ બ.ન.૬૭૩૫ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન મ.સ.ઈ.જગદેવસિંહ ગુલાબસિંહ તથા અ.પો.કો. જયમિન મહેશભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે સોલા હાઈકોર્ટ પો.સ્ટે.ના પાર્ટ સી ગુરન ૫૩૪૯/૨૦૧૯ ધી પ્રોહી. એકટ કલમ ૬૬(બી),૬૫(ઈ),૧૧૬(૧)(બી),૮૧ મુજબના ગુનામાં પોતાના ધરપકડ ટાળવા સારુ નાસતા ફરતા આરોપી શંકર તેલી @ શંકર મારવાડી ભુરાલાલ ગણેશજી તેલી ઉ.વ.૩૩ રહે.મ.ન.૫૨, સત્વ હોમ, ખોડીયાર માતાજીનાં મંદિરની બાજુમાં, ન્યુ રાણીપ, સાબરમતી, અમદાવાદ શહેર નાને અનમોલ ટવીન બંગ્લોઝ થી ચેનપુર ગામ તરફ જતા રસ્તામાં આવતા કુંતેશ્વર મહાદેવ મંદિરની પહેલા રોડની ડાબી બાજુ આવેલ ખુલ્લા પ્લોટની બાજુમાં આવેલ ત્રણ ભંગારના ગોડાઉન પૈકી વચ્ચેના ભાગે આવેલ ગોડાઉનમાથી મળી આવતા મજકુર આરોપીને સીઆરપીસી કલમ ૪૧(૧)(આઈ) મુજબ પકડી અટક કરી વધુ કાર્યવાહી અર્થે મજકુર આરોપીને સોલા હાઈકોર્ટ પો.સ્ટે.ખાતે સોપવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપી:**

શંકર તેલી @ શંકર મારવાડી ભુરાલાલ ગણેશજી તેલી ઉ.વ.૩૩ રહે.મ.ન.૫૨, સત્વ હોમ, ખોડીયાર માતાજીનાં મંદિરની બાજુમાં, ન્યુ રાણીપ, સાબરમતી, અમદાવાદ શહેર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૫૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૫૮૪ લીટર દેશી દારૂ, ૩૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૫૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાતઃ- સમાચાર યાદી નં.૧૩૫૫/૨૦૨૩

**વસ્ત્રાપુરઃ** ઉમેશભાઇ જગદિશભાઇ ભગત (ઉ.વ.૪૦)(રહે.સફલ પરિસર-૨, સાઉથ બોપલ, ઓફીસઃ- રિલાયન્સ જિયો ઇન્ફોકોમ લિમિટેડ, બીજો માળ, રિલાયન્સ સ્માર્ટ બિલ્ડીંગ, ડ્રાઇવીંગ સિનેમા સામે, વસ્ત્રાપુર) એ તા.૧૭/૦૮/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૨/૨૦૨૧ થી તા.૩૦/૦૪/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન ઉમેશભાઇની કંપનીમા નોકરી કરતા આરોપી (૧) લલીત તેજુમલ લખવાની (રહે.પર્પલ, મેપલ કંન્ટ્રી-૨, થલતેજ) (૨)અમિત કુમાર સરકાર (રહે.ગણેશ જેનીસીંસ, ૧૦૦ ફુટ રોડ જગતપુર, બી.એસ.એન.એલ. ટાવરની પાસે, જગતપુર) અને (૩) “ઉત્તમ સોલ્યુશન” કંપનીના પ્રોપરાઇટર જુનીશા સચદેવા ઉર્ફે જુનીશા w/o અનિલ ઠાકુર (રહે. બાબારોડ, ડબરા, ગ્વાલીયર, મધ્યપ્રદેશ) એ ભેગામળી ઉમેશભાઇની કંપનીના ગ્રાહકો (૧) ડીજી-૩ (૨) ઇનોવર્ટ આઇ.ટી. સર્વિસ પ્રા.લિમિટેડ (૩) વોટસ માર્ક અને (૪) ટેકનોવર્ઝ સર્વિસીસ નાઓ સાથે ઉમેશભાઇની કંપનીના કર્મચારીઓ ડાયરેકટ ધંધો કરતા હોવા છતા આરોપીઓએ આ ધંધો “ઉત્તમ સોલ્યુશન” કંપની દ્વારા મળેલ હોવાનુ બતાવી, ઉત્તમ સોલ્યુશન કંપનીને કુલ રૂપિયા ૨૪,૨૦,૬૬૩/- ગેરકાયદેસર કમિશન અપાવી, કંપનીના નાણાની ઉચાપત કરી ઉમેશભાઇની કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપિડીં કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.દેસાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૬/૨૦૨૩**

**મેઘાણીનગરઃ** ગીતાબહેન અશોકભાઇ રાઠોડ (ઉ.વ.૪૪)(રહે.ધનજીભાઇની ચાલી છેલ્લા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા ૧૭/૦૮/૨૦૨૩ સાંજ ના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.સી.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી